સાબરકાંઠામાં ફરીથી ટેન્કર રાજ

હિંમતનગર, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લામાં ગતવર્ષે પડેલા ઓછા વરસાદના કારણે જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ઉનાળો શરૂ થતાની સાથે જ પાણીના પોકારો શરૂ થઈ ગયા છે. ત્યારે તંત્રના પોકળ દાવા ખુલ્લા પડ્યા છે. આજે વિજયનગર અને પોશીના તાલુકાના ૨૦થી વધુ ગામોમાં ટેન્કરોથી પણ પાણી મળી શકતુ નથી એટલુ જ નહી પણ વીજ પુરવઠો અનિયમિત મળતો હોવાને કારણે લોકોની હાલત નદી કીનારે તરસ્યા જેવી બની રહી છે. જેના વિરોધમાં મંગળવારે ખેડબ્રહ્માના ધારાસભ્ય તથા કેટલાક સભ્યોની હાજરીમાં જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ.

આ અંગે ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલ તથા અન્ય ગામોના લોકોએ આપેલા આવેદનપત્રમાં કરેલા આક્ષેપ મુજબ વિજયનગર અને પોશીના તાલુકામાં લોકોએ પીવાના પાણી

માટે તંત્ર દ્વારા ૧૦૦૦થી વધુ હેડપંપો બનાવાયા છે પરંતુ પાણીના તળ ઉંડા જતા અને મરામતના અભાવે ૮૦ ટકા હેડપંપો બંધ છે. બીજી તરફ વિજયનગર અને પોશીના તાલુકાના દેમતી, ચાડા સહિતના અન્ય ગામડા લોકોને પીવાનું પાણી ટેન્કરોથી મંગાવવાની નોબત આવી છે. દરમિયાન આચારસંહિતાના નામે વહિવટીતંત્ર હેડપંપોનું સમારકામ કરાવતુ ન હોવાના આક્ષેપો કરાઈ રહ્યા છે. અધિકારીઓ પોતાનો લુલો બચાવ કરતા કહે છે કે વાવાઝોડાને કારણે કેટલીક જગ્યાએ વીજપોલ પડી જવાને કારણે વીજપુરવઠો આપવામાં ખલેલ પડી રહી છે.

ઉલ્લેખનીય છે કે સાબરકાંઠામાં વાવાઝોડુ અને કમોસમી વરસાદ થયાને દસ દિવસથી વધુનો સમય વિતી ગયો છે ત્યારે શું વીજ કંપની દ્વારા પછાત વિસ્તારો પ્રત્યે ઓરમાયુ વર્તન રાખીને સમારકામ કરાઈ રહ્યુ નથી. હવે જ્યારે લોકસભાની ચૂંટણી પૂર્ણ થઈ ગઈ છે ત્યારે પાણી પુરવઠા અને વીજ કંપનીના અધિકારીઓએ આ પછાત વિસ્તારોમાં જઈને સર્વે કરી વીજ પુરવઠો પુર્વવત કરવો જોઈએ. આવેદનપત્રમાં જણાવાયા મુજબ તંત્ર દ્વારા જે ગામડાઓમાં હવાડાની સગવડો હોય ત્યા ટેન્કર મારફતે પાણી નાખીને અબોલ પશુઓને માટે સગવડ ઉભી કરવી જોઈએ.

ભડથ નજીક જીપ અને ડાલુ સામ સામે ટકરાતા

પાલનપુર થી આબુરોડ હાઈવે ઉપર આવેલા ભડથ ગામ નજીક બપોરના એક જીપ અને જીપ ડાલુ સામ સામે ધડાકાભેર અથડાતાં આજુબાજુ માં થી લોકો દોડી આવ્યા હતા જોકે સદનસીબે મોટા અકસ્માત થતાં અટક્યો હતો અને કોઈ જાન હાની થવા પામી ન હતી. અમીરગઢ તાલુકાના ઈકબાલગઢ જવા ના હાઈવે ઉપર આવેલા ભડથ ગામ પાસે મંગળવારના બપોરના બોલેરો જીપ અને જીપ ઠાલું સામ સામે ટકરાયા હતાં જેમાં જીપ ડાલા માં બેઠેલા ત્રણ વ્યક્તિઓ ને સામાન્ય ઈજાઓ જ થઈ હતી જ્યારે બોલેરો જીપ ને આગળ ના ભાગમાં નુકસાન થવા પામ્યુ હતુ બપોર ના સમયે અકસ્માત સર્જાતા રોડ ઉપર ભારે ટ્રાફિક જામ થઈ ગયું હતું ભડથ નજીક નેશનલ હાઈવે રોડનું એક સાઈડ નું સમાર કામ કરાતું હોવાથી વચ્ચે એક સાઈડ ના રોડ ઉપર વાહનો ડાયવડ કરાતાં સામે આવી રહેલી જીપ અને ઠાલું અથડાઈ ગયા હતા સદનસીબે જાન હાની ટળી હતી.

પાલનપુરના દિલ્હી ગેટથી બારડપુરા માર્ગ પર ટ્રાફિક જામ : વાહનચાલકો અટવાતા ત્રાહિમામ

પાલનપુર

પાલનપુર શહેરના વધતા જતા વિકાસ સાથે ટ્રાફિકની સમસ્યા પણ વકરતી જાય છે. ત્યારે સોમવારે કાળઝાળ ગરમી વચ્ચે બારડપુરાથી દિલ્હીગેટ સુધી ટ્રાફિક જામ થતા વાહનચાલકો સહિત રાહદારીઓ પણ અટવાતા ત્રાહિમામ પોકારી ગયા હતા.

પાલનપુર શહેરમાં ટ્રાફિકની સમસ્યા પેચીદી બનતી જાય છે. શહેરના દિલ્હીગેટથી બારડપુરા જતા રોડ પર અસહ્ય ગરમી વચ્ચે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાતા લોકો ગરમીમાં શેકાઈ ગયા હતા. દિલ્હીગેટ પર રિક્ષા ચાલકો એ અડિંગો જમાવતા અહીં છાશવારે ટ્રાફિક જામના વરવા દ્રશ્યો સર્જાય છે. ટ્રાફિક પોલીસની રહેમનજર તળે રિક્ષા ચાલકોના જમાવડાને પગલે રોજ બરોજ ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. ત્યારે આજે પણ બારડપુરાથી દિલ્હીગેટ સુધીના રોડ પર ટ્રાફિકજામ થતા અનેક વાહનચાલકો અને રાહદારી ઓ લગભગ અડધો કલાક સુધી ટ્રાફિક જામમાં ફસાયા હતા. અંતે ટ્રાફિક પોલીસે આવી ટ્રાફિક નિયમન કરાવતા ટ્રાફિક પૂર્વવત થયું હતું. જોકે, આ સમસ્યાનો કાયમી નિકાલ લાવવાની માંગ સ્થાનિક વેપારીઓ પણ કરી રહ્યા છે. ત્યારે જિલ્લા પોલિસવડા યોગ્ય પગલાં ભરે તેવી લોકલાગણી પ્રવર્તી રહી છે.

પાલનપુરના ચંડીસર ગામે કુવામાં પડતાં અસ્થિર મગજના યુવકનું મોત

પાલનપુર

પાલનપુર તાલુકાના ચંડીસર ગામે કુદરતી હાજતે ગયેલો અસ્થિર મગજનો એક યુવક અવાવરૂ કુવામાં પડી જતાં મોત નિપજ્યું હતુ. આ અંગે પોલીસે અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર તાલુકાના ચંડીસર ગામે બનેલી ઘટનાની વિગતો એવી છે કે, ગામના સુરેશભાઈ શંકરભાઈ ઠાકોર (ઉ.વ. ૨૨) અસ્થિર મગજના હતા. જેઓ ગામની સીમમાં કુદરતી હાજતે ગયા હતા. તે દરમિયાન અવાવરૂ કુવામાં પડી ગયા હતા. જેમના માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં મોત નિપજ્યું હતુ. આ અંગે પાલનપુર તાલુકા પોલીસે અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મોડાસાના લઘુમતી વિસ્તારમાં વ્યાજખોરોના આતંકથી સાત દિવસમાં ત્રણ યુવકોએ ઝેરી દવા ગટગટાવી

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના લઘુમતી વિસ્તારના યુવકો વ્યાજખોરો પાસેથી ૫ થી ૨૦ % જેટલા ઉંચા દરે રૂપિયા લઈ મોજશોખ અને ક્રિકેટના સટ્ટા ની અને જુગાર અને આંકડાના માયાજાળ ના દળદળ માં ખુંપી બરબાદીની ગર્તામાં ધકેલાઈ રહ્યા છે ઉંચા વ્યાજ દરે રૂપિયા ચૂકવી ન શકતા પઠાણી ઉઘરાણી થી કંટાળીને યુવકો ઝેરી દવા ગટગટાવી આત્મહત્યા કરવા મજબુર બની રહ્યા છે.

મોડાસા શહેરના લઘુમતી વિસ્તારના ઘાંચી સમાજના ત્રણ યુવકોએ ૭ દિવસના સમયગાળામાં મચ્છર મારવાની દવા ગટગટાવી આત્મહત્યાનો પ્રયાસ કરતા ભારે ચકચાર મચી છે ભૂતકાળમાં કેટલાય શખ્શો વ્યાજે રૂપિયા લીધા પછી પઠાણી ઉઘરાણીથી ઘર અને મોડાસા શહેર છોડવા મજબુર બન્યા હોવાની સાથે રૂપિયા ચૂકવવા ચોરી-લૂંટના ના ગુન્હા પણ સંડોવાયા હોવાની અને વ્યાજખોરોના આતંકની આત્મહત્યા કરી જીવનલીલા શંકેલી લીધી અનેક ઘટનાઓ બહાર આવી છે.

ધી ઘાંચી હાઈસ્કૂલના પ્રમુખ રાજબાબુ ના જણાવ્યા અનુસાર મોડાસાના ઘાંચી સમાજના ૩ યુવાનોએ મચ્છર મારવાની દવા પી ચુક્યા છે અને હજુ સમાજના ૨૫ થી ૩૦ યુવાનો વ્યાજખોરો ખપ્પરમાં ગમે ત્યારે આત્મહત્યા નો માર્ગ

અખત્યાર કરી શકે છે વ્યાજના ચક્રવ્યૂહમાં ઘેરાયેલા યુવકોના પરિવારજનો પણ વ્યાજ ખોરોના આતંક સામે હરફ ઉચ્ચારવા તૈયાર નથી એટલી હદે માનસિક તાણ અનુભવી રહ્યા છે.

મોડાસા શહેરમાં લઘુમતી વિસ્તારમાં આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો મોટા પ્રમાણમાં રમાઈ રહ્યો છે જેમાં યુવકોને આયોજન બદ્ધ રીતે ફસાવી ધનોપાત કાઢી રહ્યા છે ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા બુકીઓની આજુબાજુમાં જ વ્યાજે નાણાં ધીરવા તૈયાર બેઠા હોય છે ક્રિકેટ મેચ પર સટ્ટો લગાવવા માંગતા યુવકો આવા આતંકી વ્યાજ ખોરો પાસેથી ક્રિકેટ મેચ પર સટ્ટામાં રૂપિયા કમાવવાની લાલચમાં યુવકો ૧૦ થી ૨૦ ટકાના ઉંચા વ્યાજે પરિવારજનોની ધ્યાન બહાર વ્યાજખોરો પાસે થી રૂપિયા મેળવી દાવ પર લગાવતા હોય છે સટ્ટો હારી જતા વ્યાજે લીધેલા રૂપિયા ન ચૂકવી શકતા પઠાણી ઉઘરાણી થી કંટાળીને ઝેરી દવા ગટગટાવી કે ગળે ફાંસો ખાવા મજબુર બનતા હોય છે પઠાણી ઉઘરાણીના આતંક નો અનેક યુવકો ભોગ બન્યા છે પરંતુ આબરૂ જવાની બીકે કોઈને કહી શકતા નથી કેટલાક કિસ્સામાં તો યુવકના ઘરે પહોંચી આતંક મચાવી યુવકના પરિવારજનોને પણ ધાક-ધમકી આપવાની સાથે બિભસ્ત વર્તન કરતા હોય છે મોડાસાના લઘુમતી વિસ્તારમાં વ્યાજખોરો નો આતંક ઓછો થાય તે માટે મોડાસા પોલીસ તંત્ર દ્વારા આઈપીએલ પર સટ્ટો રમાડતા બુકીઓની સામે કાયદાનો સકંજો કસવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે.

પાલનપુરમાં ભૂર્ગભ ગટર લાઈન તુટતાં ગંદા પાણી રોડ પર રેલાયા

સુખબાગ વિસ્તારમાં ગંદકીથી રોગચાળાની દહેશત

પાલનપુર શહેરના સુખબાગરોડ વિસ્તારમાં ભૂર્ગભ ગટર લાઈન તૂટી જતાં ગંદા પાણી

માર્ગ ઉપર વહી રહ્યા છે. જ્યાં ગંદકીના કારણે રોગચાળો ફાટી નીકળવાની દહેશત રહેલી છે. ત્યારે સત્વરે પાલિકા દ્વારા ગંભીર નોંધ લઈ ગટરની પાઈપ લાઈનનું સમારકામ કરાવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

પાલનપુર નગરપાલિકા દ્વારા ગંદા પાણીના નિકાલ માટે અન્ડર ગ્રાઉન્ડ પાઈપલાઈન નાંખવામાં આવી છે. જોકે, આ કામમાં ગેરરિતી આચરાઈ હોવાના આક્ષેપો વચ્ચે કેટલાક વિસ્તારોમાં પાઈપલાઈન તૂટવા લાગી છે. જ્યાં શહેરના સુખબાગરોડ વિસ્તારમાં ભૂર્ગભ ગટર લાઈન તૂટી જતાં ગંદા પાણી માર્ગ ઉપર વહી રહ્યા છે. જ્યાં ગંદકીના કારણે રોગચાળો ફાટી નીકળવાની દહેશત રહેલી છે. આ અંગે સ્થાનિક રહિશોએ આક્રોશ સાથે જણાવ્યું હતુ કે, ગટર લાઈન લીકેજ થતાં રોડ ઉપર પાણી ભરાઈ રહે છે. વગર વરસાદે રોડ ઉપર પાણીની રેલમછેલ થઈ રહી છે. ગંદા પાણીની બદબૂથી રોગચાળો ફાટી નીકળવાની દહેશત છે. ત્યારે સત્વરે પાલિકા દ્વારા ગંભીર નોંધ લઈ ગટરની પાઈપ લાઈનનું સમારકામ કરાવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

મેઘરજ રેફરલ હોસ્પિટલ ખૂબ બિમાર હાલતમાં સ્ત્રી વોર્ડમાં છતનો પોપડો તૂટતાં અફડાતફડી

અરવલ્લી જીલ્લાના મેઘરજ ખાતે આવેલ રેફરલ હોસ્પિટલ અંતરિયાળ

વિસ્તારના પ્રજાજનો માટે આશીર્વાદ રૂપ ના બદલે સેવાઓની દ્રષ્ટિએ બિસ્માર થતું જઈ રહ્યું છે જવાબદાર તંત્રની ઘોર બેદરકારી સામે દર્દીઓ અને હોસ્પિટલ સ્ટાફ પણ લાચારી અનુભવી રહ્યો છે મેઘરજ રેફરલ સ્ત્રી વોર્ડ માં છત પરથી પોપડો પડતા નાસભાગ મચી હતી સદનસીબે સ્ત્રી વોર્ડમાં હાજર ૧૦ થી વધુ દર્દીઓનો આબાદ બચાવ થતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો થોડા દિવસ અગાઉ હોસ્પિટલમાં ચાલુ પંખો પણ જમીન પર પટકાયો હોવાની ઘટના બની હતી.

મંગળવારે સવારે મેઘરજ રેફરલ હોસ્પિટલમાં અનહોની ઘટના સહેજ માટે બનતા રહી ગઈ હતી રેફેરલ હોસ્પિટલમાં દર્દીઓ સારવાર લઈ રહ્યા હતા અને બીજીબાજુ સ્ત્રી વોર્ડની જર્જરિત છત પરથી ધડામ દઈને મોટો સિમેન્ટનો પોપડો ઉખડી પડતા અને પલંગ પર પડતા લોંખડ નો મજબૂત પલંગ પણ બહોળો વળી ગયો હતો સદનસીબે પલંગ પર મહિલા દર્દી ના હોવાથી જાનહાની ટળી હતી છત પરથી પોપડો પડતા જાણે બૉમ્બ ફાટ્યો હોય તેવો ધડાકો થતા બધા દર્દીઓ અને હોસ્પિટલ સ્ટાફ બહાર દોડી આવ્યા હતો થોડી વાર માટે તો અફડાતડી જેવો માહોલ હતો.

મેઘરજ રેફરલ હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર થોડા સમય પહેલા ચાલુ પંખો પણ જમીન પર પટકાયો હતો ત્યારે પણ

જાનહાની ટળી હતી. મેઘરજ રેફરલ હોસ્પિટલમાં કેટલાય વોર્ડ ની છત જર્જરિત હાલતમાં હોવા છતાં જવાબદાર અધિકારીઓએ અને તંત્રએ આંખ આડે કાન કરતા રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓ ભગવાન ભરોશે હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે મજબૂરીના લીધે જીવન જોખમે ગરીબ અને જરૂરિયાત મંદ દર્દીઓ સારવાર લેવા મજબુર બન્યા છે હોસ્પિટલની છતો જાનહાની સર્જે તે પહેલા સમારકામ હાથધરવામાં આવે તે ખુબ જરૂરી બન્યું છે.

ડીસામાં વિધવા મહિલા સાથે ચાર લાખની છેતરપીંડી

ડીસાની વિધવા મહીલાના બે પુત્રના લગ્ન કરવાની લાલચ આપી રૂપિયા ચાર લાખની છેતરપીંડી આચરનાર બે લૂંટેરી દુલ્હન સહીત ચાર વિરૂદ્ધ વિશ્વાસઘાતની ફરીયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

મૂળ પાટણની અને હાલ ડીસા રહી રસોડાનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતી વિધવા મહિલા માલતીબેન મહેશભાઈ રાવલ (ઉ.વ.૬૫)ના બે પુત્ર બ્રિજેશ (ઉ.વ.૨૯) અને અંકુર (ઉ.વ.૨૭) તેમની માતાને રસોડાના કામમાં મદદ કરે છે. જેમાં બ્રિજેશને ઓળખતો પોપટલાલ ત્રિવેદી (રહે. સત્યમ શિવમ સુંદરમ સોસાયટી-ડીસા) અવારનવાર તેમના ઘરે આવતો હતો. ગત તા. ૧૭-૨-૧૯ના રોજ તે ઘરે આવી તેણીને કહેલ કે તારા બંને દિકરા કુંવારા છે અને આપણા સમાજમાં છોકરીઓની અછત છે પરંતુ સુરતના મારા મિત્ર ભરતભાઈ છગનભાઈ પટેલના કોન્ટેકમાં બે સારી છોકરીઓ નીતાબેન બચુભાઈ જાટ (સુરત) અને શિતલબેન કૈલાશભાઈ વાનખેડે (નાસીક-મહારાષ્ટ્ર) છે. તેમની સાથે લગ્ન કરાવી આપુ. પણ તેના પેટે ચાર લાખ આપવા પડશે તેથી તેણીએ તેમના વિશ્વાસે લગ્ન કરવાની સંમતિ આપેલ. ત્યારબાદ તા. ૨૦-૨-૧૯ના રોજ સુરતનો ભરતભાઈ પટેલ બંને યુવતિઓને ડીસા પોપટભાઈ ત્રિવેદીના ઘરે લઈ આવેલ. જ્યાં તેણીનાં બને દીકરા અને બે છોકરીઓને મળી એકબીજાની સંમતિથી લગ્ન કરાવવાનુ નક્કી કરેલ. ત્યારબાદ તેણીના ઘરે રીપેરીંગ કામ ચાલતુ હોઈ બંને યુવતિઓ અને પોપટભાઈ ત્રિવેદીના ઘરે રોકાયેલ. જે દરમ્યાન વકીલ મારફત લગ્નનો કરાર લેખ કરી તેમની માતાજીનો પ્રસાદ પણ કરેલ. એ પછી તેણીના સંબંધી અનિલભાઈ પુનમચંદ અગ્રવાલ અને બાબુલાલ અમળાજી પુરોહીતની હાજરીમાં પોપટભાઈ ત્રિવેદીના હાથમાં ચાર લાખ આપેલ. એ પછી તા. ૨૨-૨-૧૯ના રોજ પોપટભાઈ ત્રિવેદીએ કહેલ કે તમારા ઘરે રીપેરીંગ ચાલે છે તેથી બંને યુવતિને મા-બાપને મળવા જવાનું હોઈ મોકલેલ. જેથી થોડા દિવસ પછી હું પાછી લાવી દઈશ.

તેથી તેમણે બંને યુવતિઓને તેમની સાથે મોકલેલ. પરંતુ અઠવાડીયા પછી બંને વહુ પરત ન આવતા તેણી પોપટભાઈ ત્રિવેદીના ઘરે જઈ પૂછપરછ કરેલ. તેથી તેમણે ભરતભાઈ પટેલ બંનેને લઈ ગયેલ છે અને અઠવાડીયામાં મુકી જશે તેમ જણાવેલ. પરંતુ બીજુ અઠવાડીયુ વિતિ જવા છતાં બંને પરત ન આવતા તેણી કહી પોપટભાઈ ત્રિવેદીના ઘરે ગયેલ. પરંતુ પોપાટભાઈએ તમારી વહુઓ પાછી નહીં આવે તમારે કરવુ હોય તે કરી લો તેમ કહેતા તેણીના પગ તળેથી ધરતી ખસી ગઈ હતી. ચારેયે સાંઠગાંઠ રચી તેમની સાથે વિશ્વાસઘાત કર્યો હતો. જે મતલબની તેણીએ ચારેય વિરૂદ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ઘમાસાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉલ્લેખનીય છે કે, સુબ્રમણ્યમ સ્વામીએ ગૃહ મંત્રાલયને રાહુલ ગાંધીની નાગરિકતા વિરૂદ્ધ બે પત્ર લખ્યા હતાં. પહેલીવાર ૨૧ સપ્ટેમ્બર ૨૦૧૭માં સ્વામીએ આ મામલે ફરિયાદ કરી હતી. ત્યાર બાદ સ્વામીએ ૨૯ એપ્રિલ ૨૦૧૯માં પણ એક પત્ર લખ્યો હતો. સ્વામીએ પોતાના પત્રમાં રાહુલ ગાંધી બ્રિટિશ નાગરિક હોવાનો દાવો કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, અમેઠીના ઉમેદવાર ધ્રુવ લાલના વકીલ રવિ પ્રકાશે રિટર્નિંગ ઓફિસરની ફરિયાદ કરી હતી કે રાહુલ ગાંધીએ બ્રિટિશ નાગરિકતા લીધી હતી અને તેથી તેમનું નોમિનેશન રદ કરવામાં આવ્યું. તેઓએ બ્રિટનમાં રજિસ્ટર્ડ એક કંપનીના ડોક્યુમેન્ટ્સના આધારે આ દાવો કર્યો હતો. સાથોસાથ રાહુલ ગાંધીની શૈક્ષણિક યોગ્યતામાં ત્રુટિનો આરોપ પણ લગાવવામાં આવ્યો છે. બીજેપીએ આ મુદ્દાને ઉઠાવતા કોંગ્રેસ અને રાહુલ ગાંધી પાસે જવાબ માંગ્યો હતો.

યોગ સ્પોર્ટ્સ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમજ ડાહ્યાભાઈ કામદારે દેશના ચાર મુખ્ય યોગ ફેડરેશન સાથે ચર્ચા-વિચારણા કરી વિશ્વના ૨૧ દેશોના પ્રતિનિધિને સાંકળીને ઈન્ટરનેશનલ સ્પોર્ટસ ફેડરેશનની સ્થાપના કરવામાં આવી છે. આ મામલે ઈન્ડિયન સ્પોર્ટસ કાઉન્સિલના વિજયકુમાર માલ્હોત્રાની અધ્યક્ષતામાં દિલ્હી ખાતે એક બેઠક પણ યોજવામાં આવી હતી. ઈન્ટરનેશનલ સ્પોર્ટસ ફેડરેશનની ગત દિવસોમાં મળેલી સામાન્ય સભા દરમિયાન ૨૧ દેશોના યોગગુરૂઓ તેમજ તમામ ફેડરેશનોની સર્વાનુમતે મંજૂરીથી મહેન્દ્રભાઈ ત્રિવેદીને આ ઈન્ટરનેશનલ યોગ સ્પોર્ટસ ફેડરેશનના ચેરમેન તરીકે નિમવામાં આવ્યા છે.

ગરમીમાં ઘટાડો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દીધા છે. કામ સિવાય ઘરમી બહાર નિકળવાનુ પણ ટાળી રહ્યા છે. સતત હીટવેવની અસરથી બચવા માટે નગરજનો અનેક નુસખા પણ અજમાવી રહ્યા છે. આકરી ગરમીથી પરેશાન જનજીવનના આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. બપોરના સમયે શહેરમાં સન્નાટો જોવા મળી રહ્યો છે. તોબા આ ગરમી હવે ખમૈયા કરે તો સારુ તેવી લાગણી પણ નાગરિકોમાં પ્રબળ બની છે. બીજીતરફ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં બેવડાથી વધુ તફાવત જોવા મળી રહ્યો છે. લઘુત્તમ તાપમાન પણ આજે ૨૬.૮ ડીગ્રી રહ્યુ હતુ. જયારે સાંજે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ માત્ર ૧૩ ટકા નોંધાયુ હતુ. દિવસ દરમિયાન પવનનુ જોર વધુ રહેતા પ્રમાણમાં રાહત અનુભવી હતી. દિવસની ગરમીના અંતે રાત્રિના પણ મોડે સુધી ગરમાવો યથાવત રહે છે. જેના લીધે દિવસનો તાપ વેઠ્યા બાદ પણ શહેરીજનોને રાત્રિની ઠંડક હાંશકારો આપતી નથી.

ટેસ્ટ ડ્રાઈવ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાનગી કંપનીને કોન્ટ્રાક્ટ અપાયા પછી ડ્રાઈવિંગ ટેસ્ટ લીધા પછી વહીવટથી અરજદારને પાસ કરીને લાઈસન્સ ઈશ્યૂ કરી દેવાતાં હોવાની રાજ્યભરમાંથી વ્યાપક ફરિયાદો ઊઠી હતી. આરટીઓ કચેરીમાં લર્નિંગ કે પાકા લાઈસન્સ માટે કમ્પ્યૂટર ટેસ્ટ અને કામગીરીમાં પારદર્શક વહીવટ માટે કરોડોના ખર્ચે ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બનાવવામાં આવ્યા છે. ટુ વ્હીલર કે ફોર વ્હીલરના પાકા લાઈસન્સ માટે અરજદારે સેન્સર બેઈઝ ટ્રેક પર ટેસ્ટ ડ્રાઈવ આપવી ફરજિયાત છે. ટેસ્ટ ડ્રાઈવમાં એક પણ ભૂલ થાય તો પણ સેન્સર મારફતે કમ્પ્યૂટરમાં અરજદારની ભૂલ દર્શાવાય છે. આ કામગીરી માટે ગાંધીનગરથી વિભાગ દ્વારા ખાનગી કંપનીને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો, જેમાં કમ્પ્યૂટર ઓપરેટરથી લઈને ટ્રેક પર કોન્ટ્રાક્ટરના સ્ટાફ દ્વારા કામગીરી કરવામાં આવતી હતી. કોન્ટ્રાક્ટ સ્ટાફ દ્વારા ટુ વ્હીલરના લાઈસન્સ માટે રૂ. ૨૫૦૦ અને ફોર વ્હીલરના માટે રૂ. ૬૦૦૦ થી ૧૦,૦૦૦ લઈને લાઈસન્સ ઈશ્યૂ કરી દેવાતાં હોવાનું કૌભાંડ બહાર આવ્યું હતું. બે માસ પહેલાં સુરત ખાતે આવા ૫૫ બોગસ લાઈસન્સ ઈશ્યૂ કરી દેવાયાં હતાં. ફરિયાદોના પગલે ગાંધીનગરથી જ વિભાગ દ્વારા આરટીઓ ઈન્સ્પેક્ટર અને સ્ટાફને ટેસ્ટ ટ્રેક ડ્રાઈવની કામગીરી સંભાળી લેવા માટે પરિપત્ર કરાયો છે, તેની સાથે જ ખાનગી કંપનીના કોન્ટ્રાક્ટ પણ રદ કરી દેવાયા છે. ટેસ્ટ ટ્રેક પર નિયમ પ્રમાણેનું જ ડ્રાઈવિંગ વાહનચાલક કરે તે માટે ૧૭૦થી વધુ સેન્સર ટ્રેક પર લગાવાયા છે. વાહનચાલક સામાન્ય નિયમનો ભંગ કરે કે તરત જ સેન્સર એક્ટિવ થાય અને સ્ક્રીન પર તમામ એરર આવી જાય. ટ્રેક પર કેટલી વાર કઈ જગ્યાએ કેટલી એરર આવી તેનો ટેકનિકલ ડેટા સેન્સર દ્વારા સીધો સ્ક્રીન પર આવી જતો હતો, જોકે હાલમાં આ ટ્રેક પર કેટલાંક સેન્સર બંધ હોવાનું જાણવા મળે છે.

વાગોર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આકરી ગરમીમાં આ પક્ષીઓની હાલત પણ કફોડી બને છે. જયારે ગરમીના લીધે અબોલ પક્ષીઓને જીવ ગુમાવાનો પણ વારો આવે છે. ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમ દ્વારા આગ અકસ્માતના બનાવોમાં રેસ્કયુ કામગીરી ઉપરાંત જીવદયાના ઉમદા કામો પણ કરવામાં આવે છે. ટાઉનહોલ વિસ્તારમાં હરિયાળા વૃક્ષોમાં આશ્રો લેતા પક્ષીઓને આકરી ગરમીમાં ઠંડકનો અહેસાસ થાય તે માટે ફાયર ઓફિસર મહેશ મોડની આગેવાની હેઠળ ફાયર ટીમે આ વૃક્ષોમાં પાણીનો છંટકાવ કર્યો હતો. અસહ્ય તાપમાં તપેલા વૃક્ષોના પર્ણોએ પણ તાજગી અનુભવી હતી. જયારે પાણીના છંટકાવથી તાજી થયેલી હરિયાળીમાં પક્ષીઓએ પણ ઠંડક અનુભવી હતી.

મોદી-શાહ સામે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નેતાઓ સામે ફરિયાદ કરવામાં આવ્યા બાદ ચૂંટણી પંચ દ્વારા ઉદાસીન વલણ અપનાવવામાં આવે છે. ભાજપના નેતાઓને લઈને પક્ષપાતી વલણ ચૂંટણી પંચ તરફથી અપનાવવામાં આવી રહ્યું છે. ચૂંટણી પ્રક્રિયાની અખંડતાનો ભંગ કરવામાં આવી રહ્યો છે. આ અરજીમાં તેમની બેઠકમાં મોદી અને અમિત શાહ દ્વારા ચૂંટણી આચારસંહિતા ભંગના શ્રેણીબદ્ધ દાખલા ટાંકવામાં આવ્યા છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે, મહારાષ્ટ્રના વર્ધામાં ચૂંટણી સભામાં મોદીએ આચારસંહિતા ભંગ કરી હતી જ્યા મોદીએ ભગવા આતંકવાદનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ મામલામાં હવે ચૂંટણી પંચ પાસેથી જવાબની માંગ કરાઈ છે.

મસૂદ અઝહર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આતંકી ઘોષિત કરવાની માંગ કરવામાં આવી હતી. ૧૩ માર્ચના રોજ જ્યારે આ પ્રસ્તાવનો અંતિમ દિવસ હતો, ચીને આ કહીને આના પર ટેકનિકલ હોલ્ડ લગાવી કે તેને આના પર ચર્ચા માટે વધુ સમય જોઈએ.

સરકારને હુકમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે રાફેલ ડિલને ક્લિનચીટ આપી દીધી હતી. આ ત્રિપુટી ઉપરાંત એએપીના નેતા અને રાજ્યસભાના સભ્ય સંજય સિંહ તરફથી કેસમાં અલગ સમીક્ષા અરજી દાખલ કરવામાં આવી હતી. ચુકાદામાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, ૩૬ રાફેલ યુદ્ધ વિમાનોની પ્રાપ્તિમાં નિર્ણય લેતી પ્રક્રિયામાં કોઈપણ શંકા નથી. સુપ્રીમ કોર્ટે ૫૮૦૦૦ કરોડ રૂપિયાની કહેવાતી ગેરરીતિના મામલામાં તપાસ કરવાની માંગ કરતી અરજીઓ ફગાવી દીધી હતી.